## જાહેરાત ક્રમાંક નં. ૨૦૨૨–૨૩

## ૧૧ માસનાં કરાર પધ્ધતિથી ભરતી કરવા બાબત.

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ભાવનગર જિલ્લા પંચાયત હેઠળ જિલ્લા તથા તાલુકા અને પીએચસી ખાતે નીચે જણાવેલ સ્ટાફની જગ્યાઓ તદન હંગામી ધોરણે ૧૧ માસનાં કરાર આધારે ભરવા તથા તેની પ્રતિક્ષા યાદી બનાવવા સદરહુ જાહેરાત આપવામાં આવેલ છે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૧૫/૦૬/૨૦૨૩ થી તા.૨૧/૦૬/૨૦૨૩ (દીન–૭) સુધીમાં આરોગ્ય સાથી સોફ્ટવેરની લીંક https://arogyasathi.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

ઉપરોકત પોસ્ટ માટેની જરૂરી લાયકાત, ઉંમર અંગેની સ્પષ્ટતા ઉચ્ચક માસિક વેતન તથા અનુભવ અંગેની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ / કુલ જગ્યા / વય મર્યાદા | જરૂરી શૈક્ષણીક લાયકાત | ઉચ્ચક માસિક વેતન |
|---|---|---|---|
| ૧ | ડીસ્ટ્રીકટ ફાયનાન્સ આસીસ્ટન્ટ (કુલ જગ્યા–૧)<br><br>વય મર્યાદા – ૫૮ વર્ષ | માન્ય યુનીવર્સિટીનાં કોમર્સ સ્નાતક તેમજ કોમ્પ્યુટર એપ્લીકેશન ડીપ્લોમા / સર્ટીફીકેટ ઈન કોમ્પ્યુટર એપ્લીકેશન.<br>––––––<br>એકસપર્ટાઈઝ ઈન કોમ્પ્યુટર, સોફ્ટવેર મેનેજમેન્ટ (એમ.એસ. ઓફીસ / Tally / એકાઉન્ટીંગ / GIS / RCH Software / ફાઈલીંગ સીસ્ટમ ), હાર્ડવેરની જાણકારી, ગુજરાતી અને અંગ્રજી ભાષામાં ઝડપી ટાઈપીંગ. સરકારી કે NGO સંસ્થાનો ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ અને અંગ્રેજીમાં કામ કરવા માટેની સંપુર્ણ જાણકારી અતિ આવશયક છે | ૧૩,૦૦૦/– |
| ૨ | આર.બી.એસ.કે. એમ.ઓ. ફીમેલ (કુલ જગ્યા – ૫)<br>વય મર્યાદા –૪૦ વર્ષ | A. Candidate Age should not be more than 40 years for Ayurveda Doctor<br>B. Candidate must be citizen of Indian<br>C. Candidate must possess a valid degree(BAMS) from recognized college/University)<br>D. Candidate must have valid registration with respective Ayurveda council of Gujarat.<br>E. Candidate should have proficiency in Gujarati, Hindi and English Languages.<br>In order to provide the health services for rural areas, the knowledge of Gujarati language will be essential for the candidate | ૨૫,૦૦૦/– |
| ૩ | પ્રોગ્રામ એસોસીએટસ ન્યુટ્રીશન (કુલ જગ્યા–૧)<br>વય મર્યાદા – ૩૫ વર્ષ | એમ.એસ.સી. ફુડ એન્ડ ન્યુટ્રીશન / પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઇન ફુડ એન્ડ ન્યુટ્રીશન/ડાયટેટીકસ<br>અનુભવ – ઓછામાં ઓછો ૩ થી ૫ વર્ષ નો ન્યુટ્રીશન રીલેટેડ પ્રોગ્રામ સરકારી કે એન.જી.ઓ.નો અનુભવ | ૧૪,૦૦૦/– |

સરકારી ભરતી અને study મટીરીયલના WhatsApp group માં Add થવા અમારા નંબર 9429213312 પર WhatsApp માં મેસેજ કરો.

| | | | |
|---|---|---|---|
| ૪ | આર.બી.એસ.કે. ફાર્માસીસ્ટ<br>(કુલ જગ્યા–૮)<br>વય મર્યાદા – ૪૦ વર્ષ | માન્ય યુનિવર્સીટીમાંથી ડીપ્લોમા / ડીગ્રી ફાર્મસી. ગુજરાત ફાર્મસી કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન હોવું જરૂરી. હોસ્પિટલ તથા ડીસ્પેન્સરીમાં મેડીસીનનો અનુભવ ધરાવનારને પ્રાથમિકતા આપવામાં આવશે. | ૧૩,૦૦૦/– |
| ૫ | આર.બી.એસ.કે. એ.એન.એમ.<br>(કુલ જગ્યા–૬)<br>વય મર્યાદા – ૪૫ વર્ષ | સરકાર માન્ય એ.એન.એમ. કોર્ષ / ડીપ્લોમા નર્સીંગ પાસ. ગુજરાત નર્સીંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન જરૂરી છે. (ફકત સ્ત્રી ઉમેદવારની અરજી ધ્યાનમાં લેવામાં આવશે) | ૧૨,૫૦૦/– |

**ઓન લાઈન ફોર્મ ભરવા અંગેની અગત્યની સુચનાઓ :–**

- ઉમેદવારની ફકત ઓનલાઈન https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજી જ સ્વીકારવામાં આવશે. આર.પી.એ.ડી. સ્પીડ પોસ્ટ, કુરીયર કે સાદી ટપાલ ધ્વારા મળેલ અરજીઓ માન્ય રહેશે નહી.
- સુવાચ્ય ઓરીજનલ ડોકયુમેન્ટની ફોટોકોપી સોફટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે. જરૂરી ડોકયુમેન્ટ અપલોડ કરેલ નહી હોય તેમની અરજી નામંજુર કરવામાં આવશે.
- અધુરી વિગતોવાળી અરજીઓ અમાન્ય રહેશે.
- તમામ કેડરની પસંદગી માટે ડીગ્રી / ડીપ્લોમા / ગ્રેજયુએશનનાં ફાઈનલ વર્ષમાં મેળવેલ ટકાવારીના આધારે મેરીટ તૈયાર કરી તેમજ ફાઈનલ વર્ષમાં એક થી વધુ ટ્રાયલ હોય તો પ્રતિ ટ્રાયલ ૩ % બાદ કરીને મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. ડિસ્ટ્રીકટ એકાઉન્ટન્ટ આસી.ની કેડર માટે કોમ્પ્યુટર સ્કીલ આવશ્યકતા હોઈ ToR માં દર્શાવ્યા અનુસાર કોમ્પ્યુટર લાયકાત ધરાવતા હોય તેમને મેરીટમાં કન્સીડર કરવામાં આવશે. <u>તેમજ અત્રેની કચેરી દવારા એન.એચ.એમ. હેઠળ છુટા કરેલ ઉમેદવારની અરજી માન્ય ગણવામાં આવશે નહી.</u>
- ઉમેદવારે એક કરતા વધુ પોસ્ટ માટે અલગ અલગ અરજી કરવાની રહેશે.
- જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે.
- ઉકત જગ્યાઓ માટેનો કરાર આધારીત સમયગાળો ૧૧ માસ માટેનો રહેશે. જે મુદતમાં જરૂરીયાત તેમજ બજેટનાં આધારે વધારો કે ઘટાડો કરી શકાશે.
- ઉકત જગ્યામાં વધારો કે ઘટાડો કરવો કે ભરતી રદ કરવી તેનો આખરી નિર્ણય સભ્ય સચિવશ્રી ડિસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીનો રહેશે.

સભ્ય સચિવ (ડી.એચ.એસ.) અને
મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
ભાવનગર